# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૫/૧૨/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# અદાણી હજીરા પોર્ટ પરથી કોરીયા અને ચાઇના ખાતે ઇમ્પોર્ટ–એક્ષપોર્ટ માટે વધુ સુવિધાની તક વિશે ચેમ્બરમાં ઇન્ટરેકટીવ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવારે, તા. ૪ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે સુરતના અદાણી હજીરા પોર્ટ પરથી કોરીયા અને ચાઇના ખાતે એક્ષપોર્ટ–ઇમ્પોર્ટ માટે વધુ સુવિધાની તક વિશે ઈન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં હયુન્ડાઇ મર્ચન્ટ મરીન પ્રા.લિ.ના એમડી શ્રી હયુન્ક જે સુન્ગ અને ટ્રેડ મેનેજમેન્ટના હેડ શ્રી જિતીન જોશી દ્વારા અદાણી હજીરા પોર્ટ ખાતેથી તા. ૧લી જાન્યુઆરી ૨૦૨૦થી શરૂ થનારી ચાઇના ઇન્ડીયા એક્ષપ્રેસ સર્વિસ વિશે વિસ્તૃતપણે માહિતી આપવામાં આવી હતી.

ચેમ્બરના રિપ્રેઝન્ટેશન સેલના કન્વીનર સીએ મિતિષ મોદીએ આ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, સુરતમાં અદાણી હજીરા પોર્ટ ખાતેથી દરિયાઇ માર્ગે ઇમ્પોર્ટ અને એક્ષપોર્ટની સુવિધાને કારણે ઉદ્યોગપતિઓ અને વેપારીઓના ખર્ચની સાથે સાથે સમય અને મેનપાવરની બચત થઇ છે. ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે આ બાબત ખૂબ જ અસરકારક હોય છે. અદાણી હજીરા પોર્ટના સીઇઓ શ્રી પ્રણવ ચૌધરીએ પોર્ટ દ્વારા આપવામાં આવતી સુવિધા વિશે માહિતી આપી હતી.

હયુન્ડાઇ મર્ચન્ટ મરીન પ્રા.લિ.ના એમડી શ્રી હયુન્ક જે સુન્ગે જણાવ્યુ હતુ કે, તેમની કંપની ભારતના અન્ય પોર્ટ પરથી સર્વિસ આપે જ છે. પરંતુ હવે સુરતના અદાણી હજીરા પોર્ટ પરથી પણ ઇમ્પોર્ટ અને એક્ષ્પોર્ટકર્તાઓને તેઓ પોતાની સર્વિસ આપવા જઇ રહયા છે.

હયુન્ડાઇ મર્ચન્ટ મરીન પ્રા.લિ.ના ટ્રેડ મેનેજમેન્ટના હેડ શ્રી જિતીન જોશીએ જણાવ્યુ હતુ કે, આગામી તા. ૧લી જાન્યુઆરી ૨૦૨૦થી ચાઇના ઇન્ડીયા એક્ષપ્રેસ સર્વિસ ચાલુ કરવા જઇ રહયા છે. આ સર્વિસને કારણે કોરીયા અને ચાઇના ખાતેથી દરિયાઇ માર્ગે પ્રોડકટ ડાયરેકટ દક્ષિણ ગુજરાતમાં આવશે. જેનો સીધો લાભ ઇમ્પોર્ટ અને એક્ષ્પોર્ટકર્તાઓને થશે.

આ ઇન્ટરેકટીવ સેશનમાં ઇમ્પોર્ટ અને એક્ષ્પોર્ટકર્તાઓએ વિવિધ સૂચનો રજૂ કર્યા હતા. ચેમ્બરની ઇમ્પોર્ટ – એક્ષ્પોર્ટ કમિટીના ચેરમેન શ્રીનારાયણ અગ્રવાલે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.